વલસાડ જીલ્લા અને સંઘપ્રદેશ દાદરા નગર હવેલી, દમણના સમાચાર

ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ

કાર્યાલય : ૧૦૯, પહેલે માળે, બાલક્રિષ્ન કોમ્પલેક્ષ, ટેલીફોન એક્ષચેન્જની સામે, જીઆઇડીસી ઓફીસની પાછળ, ચાર રસ્તા, વાપી. ફોનઃ૨૪૨૪૬૪૬, ૯૩૭૫૮૬૧૩૧૩ gujaratmitravapi@yahoo.in

વલસાડઃ ૨૫૩૧૦૦, ૯૮૨૫૧૪૪૪૬૫, , કિલ્લા પારડી : ૯૮૨૫૧૩૦૦૩૧, ધરમપુરઃ ૯૮૨૫૧૩૩૧૩૩, નાનાપોંઢાઃ ૯૯૭૪૬૬૧૮૪૦, ઉમરગામઃ ૯૯૦૪૧૯૩૫૨૮, દમણઃ ૯૮૨૪૭૧૭૯૩૭, સેલવાસઃ ૯૯૦૪૪૬૧૪૮૬

વલસાડ પાલિકાની સત્તાની સાઠમારીમાં ભાજપના સત્તાવાર ઉમેદવારને હરાવીને અપક્ષ રાજુ મરચા પ્રમુખ બની ગયા

તસ્વીર : બંકિમ દેસાઈ

ભાજપના ૯ સભ્યોએ બળવો કરી ૪ અપક્ષ અને કોંગ્રેસી સભ્યોના સહારે પક્ષના ઉમેદવાર ગણેશ પટેલને ૨૩ વિરૂધ્ધ ૧૮ મતોએ પરાજય આપ્યો

વલસાડ, તા.૬ : વલસાડ નગરપાલિકાના આગામી અઢી વર્ષ માટેના પ્રમુખની આજે યોજાયેલી ચૂંટણીમાં શાસકપક્ષના કેટલાક સભ્યોએ જિલ્લા ભાજપના મેન્ડેટને ફગાવી બળવો પોકાર્યો હતો. ભાજપના સીમ્બોલ પર ચૂંટાયેલા ૯ તેમજ તાજેતરમાં ભાજપમાં જોડાયેલા ૪ અપક્ષ મળી કુલ ૧૩ સભ્યોએ બળવો કરી અપક્ષ ઉમેદવારી કરનાર રાજુ મરચાને સમર્થન આપી ભાજપના ઉમેદવાર ગણેશ પટેલને ૨૩ વિરૂધ્ધ ૧૮ મતોએ પરાજય આપતા વલસાડ જિલ્લા ભાજપને નામોશીભરી હાર આપી ધારાસભ્ય દોલતભાઈ દેસાઈએ વલસાડ જિલ્લા ભાજપમાં પોતાની સર્વો પરિતા ફરી એકવાર સાબિત કરી હતી. વલસાડ નગરપાલિકામાં સમિતિ રચના વખતે થયેલા બળવા બાદ ભાજપની લાજ રાખનાર અપક્ષ સભ્ય રાજુ મરચાને શહેર સંગઠને આપેલુ પ્રોમીસ પાડી બતાવ્યુ હતું. જ્યારે બીજી તરફ કોંગ્રેસપક્ષના નેતા ગરીષ દેસાઈ સહિત ત્રણ કોંગ્રેસી સભ્યોએ ભાજપના ઉમેદવારની તરફેણ કરી હતી. જ્યારે વિરોધ પક્ષના નેતા રાજુ વકીલે નક્કી કર્યા મુજબ ભાજપમાંથી બળવો કરનારને સમર્થન આપી ભાજપ શાસનનો અંત લાવી અપક્ષ, કોંગ્રેસ અને ભાજપના બળવાખોરોનું મિશ્ર શાસન પાલિકામાં પ્રસ્થાપિત કર્યુ છે.

વલસાડ નગરપાલિકાના પ્રમુખની આગામી અઢી વર્ષમાં એસટી ઉમેદવારની ચૂંટણી આજરોજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પ્રાંત અધિકારી અર્જૂનસિંહ રાઠોણની અધ્યક્ષતામાં સ્વ. કેકી શ્રોફ સભાગૃહમાં યોજાઈ હતી. સભા શરૂ થઈ ત્યાં સુધી પ્રમુખપદ અંગે રહસ્ય અખબંધ રહ્યુ હતું. ભારે ઉત્તેજના વચ્ચે સભાની કાર્યવાહી શરૂ થયા પહેલા જિલ્લા ભાજપ પ્રમુખ ઠાકોરભાઈ પટેલ અને મહામંત્રીઓ હર્ષદ કટારિયા, ભરત પટેલે સભા ખંડમાં એન્ટ્રી મારી ભાજપના ઉમેદવાર તરીકે ગણેશ પટેલનો મેન્ડેટ પ્રાંત અને ચૂંટણી અધિકારી અર્જૂનસિંહ રાઠોડને આપ્યો હતો. ત્યાર બાદ ઉમેદવારી પત્રક ભરવાની પ્રક્રિયા વિધિવત શરૂ થતા રાજુ મરચાના ત્રણ ફોર્મ તેમજ ગણેશ પટેલના બે ફોર્મ ભરાયને આવતા તેઓના ફોર્મ ચકાસણી બાદ મંજુર થયા હતા. બાદમાં મતદાનની પ્રક્રિયા શરૂ થઈ હતી જેમાં ચૂંટણી અધિકારીએ ભાજપના ઉમેદવાર ગણેશ પટેલની તરફેણ જે સભ્યો હોય તેમને આંગળી ઉંચી કરવાનુ જણાવતા કુલ ૪૨ સભ્યોમાંથી હાજર ૪૧માંથી ૧૮ સભ્યોએ હાથ ઉંચો કરતા જ ભાજપના ઉમેદવારનો પરાજય નિશ્ચિત થઈ ગયો હતો. ત્યાર બાદ અપક્ષ ઉમેદવાર રાજેશ મંગુભાઈ પટેલ (મરચા)ની તરફેણમાં હાથ ઉંચો કરવાનું જણાવતા ૨૩ સભ્યોએ હાથ ઉંચો કરતા ચૂંટણી અધિકારી અર્જૂનસિંહ રાઠોડે રાજુ મરચાને આગામી અઢી વર્ષ માટે પ્રમુખ તરીકે જાહેર કર્યા હતા.

પારડી પાલિકા પ્રમુખપદે હરીશ પટેલે ચાર્જ સંભાળતાની સાથે જ માત્ર બે કલાકમાં ૧૮ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત મુકી

કિલ્લા પારડી, તા.૬ : પારડી પાલિકાના પ્રમુખપદે આજે હરીશ પટેલે ચાર્જ વિધિવત રીતે સંભાળ્યો હતો. જેના માત્ર બે કલાકમાં જ તેમને તેમના જ પક્ષના સભ્યોએ તેમની સામે અવિશ્વાસની દરખાસ્તનો પત્ર પકડાવી દેતા પારડી પાલિકાના રાજકારણમાં ખડફડાટ મચી ગયો છે. પાલિકાના અઢી વર્ષના અનુસુચિત જનજાતિની અનામત બેઠક ઉપર પ્રમુખ તરીકે મેન્ડેટને આધારે હરીશ પટેલની વરણી કરવામાં આવી હતી. હરીશ પટેલની નિમણુંકને પગલે નારાજ ૧૮ સભ્યોએ કલમ નંબર ૩૬ મુજબ બહુમતિનો વિશ્વાસ ગુમાવવાના કારણોસર અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી છે.

માજી પ્રમુખ સુરજબેન અને ઉપપ્રમુખ ઉમેશ પટેલ સહિત ભાજપના ૧૮ સભ્યોએ મેન્ડેટને આધારે થયેલી હરીશ પટેલની પસંદગી સામે બળવો પોકાર્યો

પારડી પાલિકાના અઢી વર્ષની બીજી ટર્મના પ્રમુખપદે શાસકપક્ષ ભાજપમાંથી જે ચાર દાવેદારોએ ઉમેદવારી નોંધાવી હતી તેમાં ભાજપ મોવડીઓએ બિનવિવાદાસ્પદ એવા હરીશ પટેલની પસંદગી કરીને તેમને પાલિકા પ્રમુખનો તાજ પહેરાવ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, હરીશ પટેલ પારડી ભાજપના ચૂંટાયેલા સભ્યોમાંથી સંપૂર્ણપણે બિનવિવાદાસ્પદ, શાંત અને સૌમ્ય પ્રકૃત્તિ ધરાવતા મધ્યમ વર્ગમાંથી પ્રતિનિધિત્વ કરતા સભ્ય છે. ગત શનિવારે પાલિકા પ્રમુખ તરીકે સુરજબેન દેસાઈની અવધી પૂર્ણ થતા આજરોજ વિદાય લેતા પ્રમુખ સુરજબેન પાસેથી હરીશ પટેલે પ્રમુખ તરીકેનો ચાર્જ વિધિવત રીતે સંભાળ્યો હતો. તેઓ પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળે એ સમયે જ તેમની સામે તેમના જ પક્ષના ૧૮ સભ્યોનુ જુથ અવિશ્વાસની દરખાસ્ત મુકવાની પેરવી કરી રહી હોવાના સમાચારને પગલે આજે ભારે ઉત્સુકતા જોવા મળી હતી. તેમણે જ્યારે પાલિકા ખંડમાં ચાર્જ લીધો ત્યારે નારાજ ૧૮ સભ્યોએ ગેરહાજર રહીને તેમના ઈરાદાઓ સ્પષ્ટ કરી દીધા હતા.

આજે ચીફ ઓફિસર હાજર ન હતા તે સમયે હરીશ પટેલે વિદાય લેતા પ્રમુખ સુરજબેન પાસેથી વિધિવત પ્રમુખ તરીકેનો ચાર્જ લીધો હતો. હરીશ પટેલે ચાર્જ સંભાળતા જ સુરજબેન એક પણ ક્ષણનો સમય બગાળ્યા વિના સભા ખંડ છોડી ગયા હતા. જેને કારણે આશ્ચર્ય ઉભુ થયુ હતું. દરમ્યાન બે કલાક બાદ ભાજપના ૧૮ સભ્યોના જુથે નગરપાલિકા અધિનિયમની કલમ ૩૬ મુજબ નવા વરાયેલા પ્રમુખ હરીશ પટેલને બહુમત સભ્યોએ તેમનામાં વિશ્વાસ ગુમાવ્યો હોવાનુ કારણ આપી અવિશ્વાસની દરખાસ્તનો પત્ર આપ્યો હતો. આ દરખાસ્તમાં વિદાય લેતા પાલિકા પ્રમુખ સુરજબેન દેસાઈ, ઉપપ્રમુખ ઉમેશ પટેલની પણ સહી જોતા પારડી પાલિકાનું રાજકારણ કઈ હદે પહોંચ્યુ હશે તેનો ખ્યાલ ઉપસ્થિત પત્રકારોને આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનિય છે કે, ભાજપના ચૂંટાયેલા ૨૩ સભ્યોમાંથી માત્ર ચાર સભ્યો નામે રાજન ભટ્ટ, કારોબારી અધ્યક્ષ સુમિત્રાબેન પટેલ, અનીતા પટેલ અને ધર્મેશ માલી પ્રમુખ હરીશ પટેલ સાથે રહ્યા હતા. જ્યારે બાકીના તમામ ૧૮ અસંતુષ્ટ બળવાખોર બન્યા હતા. હરીશ પટેલની વરણીના મુદ્દે છેલ્લા ચાર પાંચ દિવસથી વિવાદ ચાલી રહ્યો છે. નારાજ જુથને શહેર કે જિલ્લાનું સંગઠન સમજાવી શક્યુ ન હતું. આ ૧૮ સભ્યો જેમને પ્રમુખ બનાવવા માંગતા હતા તેના કરતા આ બિનવિવાદાસ્પદ અને સક્ષમ એવા હરીશ પટેલને પ્રમુખ બનાવવાનું પગલુ ઉચિત છે તેમ ભાજપના મોવડીઓ નારાજ સભ્યોને સમજાવી શક્યા ન હતા. જેને કારણે હરીશ પટેલે આજે સત્તાકીય રાજકારણનો ભોગ બની રહ્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, હરીશ પટેલની વરણી પ્રદેશ કક્ષાએથી મોકલેલા નિરીક્ષક તેમજ વલસાડ જિલ્લાનો હવાલો સંભાળતા સી.આર. પાટીલ દ્વારા કરવામાં આવી હતી. તેમના આ નિર્ણય સામે બળવો પોકારનારા ભાજપના આ ૧૮ સભ્યો સામે હવે સંગઠન શુ પગલા ભરે છે તેની પર સૌની મીટ છે. બળવાખોરો સામે સંગઠન નમી જાય છે કે પછી ઉમરગામમાં બન્યુ તેમ દબાણ કરી દરખાસ્ત પાછી ખેચાવડાવે છે તે જોવું રહ્યુ. કારણ કે એક તરફ આજે વલસાડ પાલિકામાં ભાજપમાં સફળ બળવો થયો છે ત્યારે પારડી પાલિકાના નારાજ સભ્યોને સમજાવવુ ભાજપ માટે કઠિન થઈ પડશે તે નક્કી છે.

રાજુ મરચાને પ્રમુખ બનાવવાની પેરવી અંગેનો ગુજરાતમિત્રનો અહેવાલ સાચો પડ્યો

જિલ્લા અને શહેર સંગઠનની લડાઈમાં દોલતભાઈ દેસાઈએ ધરાર પોતાનુ ધાર્યુ કર્યુ

વલસાડ, તા.૬ : આજે યોજાયેલી વલસાડ પાલિકાના પ્રમુખની ચૂંટણીમાં જે પરિણામ આવ્યુ છે તે અંગે ગુજરાતમિત્રના ગત રવિવારનો અહેવાલ અક્ષર સહ સાચો પુરવાર થયો છે. વિરોધ પક્ષના નેતા રાજૂ વકીલે તેમના અપક્ષ સભ્યો ભાજપમાંથી જે બળવો કરશે તેને સમર્થન આપશે તેમ જણાવ્યુ હતું. તે પ્રમાણે જ આજે અપક્ષ સભ્યો રાજૂ વકીલ, ઈફતેખાર માણીયાર, સુષ્માબેન દેસાઈ અને ઝાકીરખાન પઠાણે ભાજપ બળવાખોરોના ઉમેદવાર રાજૂ મરચાને સમર્થન આપ્યુ હતું. એટલુ જ નહી એક દરખાસ્ત રાજુ વકીલે મુકી તેને ઈફતેખાર માણીયારે ટેકો પણ આપ્યો હતો. જ્યારે અપક્ષ ચૂંટાયેલા અને ભાજપમાં જોડાયેલા ધનસુખ મિસ્ત્રી, ભરત પટેલ (કાનો), કુસુમબેન પટેલ, હીતેશ પાનવાલાએ પણ રાજુ મરચાને સમર્થન આપ્યુ હતું.

સમિતિ રચના વખતે બળવો કરનારા ભાજપના સભ્યોએ આ વખતે પક્ષના સત્તાવાર ઉમેદવારને ટેકો આપ્યો

જ્યારે ભાજપી સભ્યોમાં પાલિકા ઉપપ્રમુખ કિશરી દેસાઈ, માજી કારોબારી ચેરમેન નિતેશ વશી, અશોક ભંડારી, આસુતોષ મિશ્રા, શૈલેષ પટેલ, પી.કે. ઠાકુર, વિજય દેસાઈ, પ્રશાંત દેસાઈ, પ્રવિણાબેન પટેલે પક્ષના મેન્ડેટની અવગણના કરી હતી.

રાજુ મરચાને કોંગ્રેસના ઈમ્તીયાઝ કાજી, ડિમ્પલ કનોજીયા, કીકુ રાઠોડ, નયના પટેલ અને વિભૂતી ભંડારીએ ટેકો આપ્યો હતો. જ્યારે ભાજપના સત્તાવાર ઉમેદવાર ગણેશ પટેલની તરફેણમાં ખુબજ આશ્ચર્યની વચ્ચે સમિતિ રચના વખતે બળવો કરનારા રાજા ભાનુશાલી, સીતાબેન પટેલ, સોનલ પટેલ, જગદીશ રાણા, દિનેશ પટેલ, કમલેશ સંકટ, કલાબેન પટેલે ટેકો આપ્યો હતો. આ ઉપરાંત ગણેશ પટેલના ટેકામાં જનક ભાનુશાલી, સોનલ સોલંકી, જ્યોત્સના પટેલ, ધર્મિન શાહ, દર્શના મહેતા, કૌશિક માંકડિયા, અપક્ષ રમેશ ડેની, કોંગ્રેસના ગીરશ દેસાઈ, કલ્પેશ પટેલ અને કલ્પના વાડીવાલા હતા. અપક્ષ સભ્ય પ્રવિણ કચ્છી ગેરહાજર રહ્યા હતા.

સમિતિ રચના વખતે શાસક પક્ષ ભાજપમાં થયેલા મોટા પાયે બળવા બાદ પાલિકામાં ભાજપ તમામ સમિતિઓ સાથે સત્તા ગુમાવે તેવી સ્થિતિમાં હતો. તે સમયે ધારાસભ્ય દોલતભાઈ દેસાઈએ પોતાની તથા ભાજપની પ્રતિષ્ઠા દાવ પર લગાવી દઈ અપક્ષ સભ્ય રાજુ મરચાને તેની સાથે ૮ કોંગ્રેસ અપક્ષ સભ્યોએ ભાજપને સમર્થન આપતા ભાજપે તમામ સમિતિઓ કબ્જે કરી હતી. તે સમયે શહેર ભાજપને સાથે રાખીને દોલતભાઈ પોતાની સર્વોપરિતા સિધ્ધ કરી હતી. રાજુ મરચાના ટેકાના બદલામાં તેને પ્રમુખ બનાવવાનું વચન શહેર ભાજપ અને દોલતભાઈએ આપ્યુ હોવાની ચર્ચા જે તે સમયે થઈ હતી. સમિતિ રચના વખતે જિલ્લા ભાજપના મોવડીઓ અને શહેર સંગઠનના નેતાઓ વચ્ચે જુથવાદ અને ભિન્નમત છે તે વાત જાહેર થઈ હતી. પ્રમુખની ચૂંટણી પહેલા જિલ્લા સંગઠને ભાજપના સીમ્બોલ પર ચૂંટાયેલા સભ્યને જ પ્રમુખ બનાવવાની જીદ પકડી હતી. બીજી તરફ શહેર સંગઠને સમિતિ રચના વખતે બળવા છતાં શાસન ટકાવી રાખવા માટે મદદ કરનાર રાજુ મરચાને પ્રમુખ બનાવવાનું ધાર્યુ હતું. આ આરપારની લડાઈમાં હાલે તો ધારાસભ્ય દોલતભાઈ દેસાઈ અને શહેર સંગઠને પોતાનું ધાર્યુ પારપાડ્યુ છે.

સત્તાની ખેંચતાણમાં રાષ્ટ્રગીત ભુલાયુ

વલસાડ, તા.૬ : પ્રાંત અધિકારી અર્જુનસિંહ રાઠોડની અધ્યક્ષતામાં યોજાયેલ પાલિકા પ્રમુખની ચૂંટણી દરમ્યાન વર્ષોથી ચાલી આવતી પ્રણાલી વિસરાઈ હતી. સભાની શરૂઆત વંદેમાતરમ તેમજ આખરમાં જણગણમન રાષ્ટ્રગીત ગાઈને સમાપ્ત કરાતી હતી. સત્તાની ખેંચતાણમાં આંધળા બનેલા શહેરી બાવાઓએ આજે સભાની સમાપ્તી વેળા રાષ્ટ્રગીત ગાવાનું ભુલ્યા હતા.

ભિલાડ રેલ્વે ટ્રેક ઉપર કામદારનું ટ્રેન અડફેટે કરૂણ મોત

ઉમરગામ, તા.૬ : ભિલાડ રેલ્વે સ્ટેશન નજીક રેલ્વે ટ્રેક ઉપર કામ કરી રહેલા એક પ્રરપ્રાતિય કામદારનું મુંબઈ તરફ જતી ટ્રેન અડફેટે આવી જતા કરૂણ મોત નીપજવાનો બનાવ બન્યો છે.

પ્રાપ્ત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભિલાડ રેલ્વે સ્ટેશનથી થોડે દૂર ક્રિષ્ણા કંપની નજીક રેલ્વે લાઈન ઉપર રામબિહારી સહરાયસાપ ગુપ્તા ઉ.વ.૨૧ હાલ રહે ભિલાડ ડેહલી મૂળ ઝારખંડ બિહાર, કામ કરી રહ્યો હતો.

ત્યારે સવારે પોણા નવેક વાગ્યાના સુમારે મુંબઈ તરફ જતી એક ટ્રેનના અડફેટે આવી જતા તેનું કરૂણ મોત નીપજવા પામ્યુ હતું. બનાવની ભિલાડ પોલીસમાં ફરિયાદ તેની સાથે રેલ્વે કોન્ટ્રાક્ટરમાં કામ કરતા ગોપાળ જમનાદાસ ગુપ્તાએ આપતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જિલ્લામાં ભાજપના થઈ રહેલા ફજેતાથી નારાજ મોવડીઓએ જિલ્લા પ્રમુખ ઠાકોરભાઈનું રાજીનામુ માંગી લીધુ હોવાની ચર્ચા

વલસાડ, તા.૬ : ભાજપ શાસિત જિલ્લાની પાંચ નગરપાલિકાઓ પૈકી વલસાડ, પારડી, ઉમરગામ અને વાપીમાં શાસકપક્ષમાં મોટાપાયે બળવો થયો હોય ભાજપની આબરૂના ધજાગરા ઉડી ગયા છે. અગામી દિવસોમાં તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણી નજીક છે ત્યારે આજે વલસાડ પાલિકામાં ભાજપે સત્તા ગુમાવી છે અને પારડી પાલિકામાં પક્ષે મુકેલા પ્રમુખ સામે ૧૮ સભ્યોએ બળવો કરતા પક્ષની આબરૂ કસોટીની એરણ પર મકાઈ છે. આ મામલે જિલ્લા ભાજપના સૂત્રધારો ગણાતા પ્રમુખ અને મહામંત્રીઓ ઉપર પ્રદેશ મોવડીઓ ગુસ્સે ભરાયા હોવાની આધારભૂત સૂત્રો પાસેથી માહિતી મળી છે. સૂત્રોનુ જણાવવુ છે કે, પ્રદેશ મોવડીઓએ જિલ્લા પ્રમુખ ઠાકોરભાઈને રાજીનામુ આપી દેવાનુ પણ જણાવી દીધુ છે.

દોલતભાઈને કટ ટુ સાઈઝ કરવાના ચક્કરમાં સમિતિ રચના વેળા જિલ્લા સંગઠનના મોવડીઓએ દિપક રાણા મારફતે તેના ભાઈ જગદીશ રાણાના નેતૃત્વમાં બળવો કરાવ્યો હોવાની ખુલ્લી પડી ગયેલી રાજનિતી

વલસાડ પાલિકા પ્રમુખની ચૂંટણીમાં જે કંઈ પણ રાજકારણ રમાયુ તેમાં જિલ્લા સંગઠનના હોદેદારોની કેટલીક રાજનિતી પ્રદેશ મોવડીઓ સમક્ષ ખુલ્લી પડી ગઈ હોવાનું ચર્ચાય રહ્યુ છે. ધારાસભ્ય દોલતભાઈ દેસાઈને કટ ટુ સાઈઝ કરવાના ચક્કરમાં પાલિકામાં સમિતિ રચના વેળા જિલ્લા સંગઠનના મોવડીઓએ દિપક રાણા મારફતે તેના ભાઈ જગદીશ રાણાના નેતૃત્વમાં બળવો કરાવ્યો હતો. આ વાત ભાજપમાં જ જોરશોરથી ચર્ચાય રહી છે. બે દિવસ પહેલા કન્ટ્રી કલબમાં વલસાડ પાલિકા પ્રમુખ માટે સેન્સ લેવા માટે બોલાવાયેલી મીટીંગમાં જગદીશ રાણા અને સોનલ પટેલને બોલાવાયા ન હતા અને અપમાનીત કરાયા હતા. આજની સામાન્યસભા પહેલા બધાજ જાણતા હતા કે, શહેર સંગઠન દોલતભાઈનું જુથ અને જિલ્લા સંગઠનના પ્રમુખપદ માટેના ઉમેદવાર અલગ અલગ છે. સમિતિ

તસ્વીર : બંકિમ દેસાઈ

આજે વલસાડ પાલિકામાં પ્રમુખની ચૂંટણીમાં પક્ષનો મેન્ડેટ ચૂંટણી અધિકારીને સોંપતા જિલ્લા ભાજપ પ્રમુખ ઠાકોરભાઈ, મહામંત્રીઓ હર્ષદભાઈ અને ભરતભાઈ

રચના વખતે બળવો કરનારા તમામ સભ્યોએ આજે ભાજપના સત્તાવાર ઉમેદવારને સમર્થન આપતા જિલ્લા ભાજપની પોલ ખુલી ગઈ હતી. ગઈકાલે રાત્રે જિલ્લા મહામંત્રી સાથે બળવાખોરોનુ નેતૃત્વ લેનાર માજી પાલિકા પ્રમુખ દિપક રાણાએ નારાજ ભાજપના સભ્યોને મનાવવા માટે ઘણી મહેનત કરી હતી. અગાઉ બળવો કરનારા સભ્યો પૈકી રાજા ભાનુશાલી મહામંત્રી હર્ષદ કટારિયાના સંપૂર્ણ કન્ટ્રોલમાં હોવાનું કહેવાય છે. તેણે પણ આજે ગણેશ પટેલનું સમર્થન કર્યુ હતું.

આજે એ બાબત સિધ્ધ થઈ હતી કે, વલસાડ પાલિકાના પ્રમુખપદને મામલે જિલ્લા સંગઠનના હોદેદારો નારાજ સભ્યોને મનાવી શક્યા ન હતા, દોલતભાઈ દેસાઈ સાથે સંકલન કરી શક્યા ન હતા કે, થનાર બળવાને સમાવી શક્યા ન હતા. પંચાયતોની સામી ચૂંટણીએ આ ફજેતાથી ભાજપને ઘણુ નુકશાન થયુ હોય આખી જવાબદારી જિલ્લાના ટોચના આગેવાનોના માથે આવે છે. સૂત્રો જણાવી રહ્યા છે કે, પ્રદેશ મોવડીઓએ ઠાકોરભાઈ પટેલ પાસે જિલ્લા પ્રમુખપદેથી રાજીનામુ માંગી લીધુ છે.

હાઉસીંગ બોર્ડના તુટી પડેલા બિલ્ડીંગના ફ્લેટ ધારકોને આપેલા કામ ચલાઉ આશરાના ફ્લેટોમાંથી તગેડી મુકવાની તજવીજ

વલસાડ, તા.૬ : અત્રેના ગુજરાત હાઉસીંગ બોર્ડનો બ્લોક નં. ૯ થોડા દિવસો અગાઉ ધરાશયી થયા બાદ બેઘર બનેલા ૨૪ ફ્લેટ ધારકોને કામ ચલાઉ આપવામાં આવેલ સીલ કરેલ ફ્લેટોમાં તેઓ ગેરકાયદેસર રહો છો તેમ કહી ખાલી કરવા જણાવી ગુજરાત હાઉસીંગ બોર્ડના નાયબ જાગીર વ્યવસ્થાપક એસ.બી. ખરાડીની સુચનાથી રીકવરી એજન્ટોએ વલસાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ અરજી આપતાં આ તમામ ૨૪ ફ્લેટ ધારક પરિવારો આવતીકાલ સવારથી જિલ્લા સેવા સદન સામે પોતાની તમામ ઘરવખરી-પરિવાર સહિત જ્યાં સુધી તેઓને ન્યાય ન મળે ત્યાં સુધી તંબુ બાંધી બેસવાના છે.

બોર્ડના રીકવરી એજન્ટોએ આ ૨૪ પરિવારો સીલ કરાયેલા ફ્લેટોમાં ગેરકાયદેસર રહેતા હોવાની કરેલી ફરિયાદ

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના પોશ વિસ્તાર તિથલ રોડ પર આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડનું ૨૨ વર્ષ પહેલા બંધાયેલા ૪૦ બિલ્ડીંગો ત્યારથી જ બાંધકામમાં અનેક ખામીઓ-ગેરરીતી થયેલ હોય રહીશો દ્વારા અવારનવાર રજુઆતો કરવા છતાં મરામત થઈ ન હતી. પરિણામે થોડા દિવસો અગાઉ બ્લોક નં.૯ ધરાશયી થયું હતું. જેમાં નસીબજોગે જાનહાની થઈ ન હતી અને ૨૪ ફ્લેટ ધારકોને ગુજરાત હાઉસીંગ બોર્ડના નાયબ જાગીર વ્યવસ્થાપક એસ.બી.ખરાડી અને તેમની ટીમે આવી તપાસ કર્યા બાદ કામ ચલાઉ સીલ કરેલ ફ્લેટો રહેવા આપ્યા હતા. આ ફ્લેટોને ખાલી કરવા આ જ અધિકારીએ રીકવરી એજન્ટો સી.બી.પટેલ, જી.એન.પટેલ, બાબુ વાચ્છાની અને પંચોલીને મોકલ્યા હતા. જેઓએ ૨૪ ફ્લેટ ધારકોને ધાકધમકી આપી ફ્લેટોમાં તેઓ કેવી રીતે રહો છે. ગેરકાયદેસર હોવાનું જણાવી તાત્કાલીક ફ્લેટ ખાલી કરવા જણાવ્યુ હતું. પરંતુ ફ્લેટ ધારકોએ મચક ન આપતાં તેઓએ વલસાડ ટાઉન પીઆઈ પ્રમોદ વળવીને ફરિયાદ અરજી આપી હતી. જેને લઈ ૨૪ ફ્લેટ ધારકો આવતી કાલે સવારે જિલ્લા સેવા સદન સામે પોતાની તમામ ઘરવખરી અને પરિવાર સાથે જ્યાં સુધી તેઓને ન્યાય ન મળે ત્યાં સુધી તેવું બાંધ બેસનાર છે.

આ બાબતે ગુ.હા.બોર્ડના બકુલ રાજગોરે નાયબ કમિશ્નર, ગુ.હા.બોર્ડ બી.એન.પટેલ સાથે ફોન પર વાતચીત કરતાં તેઓએ નિર્દયતા પૂર્વક એમ જણાવી દીધુ હતું કે, તેઓ રસ્તા પર રહેશે જે કંઈ છે તે બોર્ડ પાછળથી જોઈ લેશે.

ભિલાડ હાઈવે પર ટેમ્પોએ રીક્ષા અને રાહદારીઓને અડફેટે લેતા પોલીસ સહિત ત્રણને ઈજા

ઉમરગામ, તા.૬ : ભિલાડ હાઈવે ઉપર એક પીકઅપ ટેમ્પોએ રીક્ષા તેમજ બાજુમાં ઉભેલા ઈસમોને અડફેટે લેતા એક હેડ કોસ્ટેબલ સીક્યુરીટી ગાર્ડ સહિત રીક્ષામાં સવાર બાળકોને ઈજા પહોંચી હતી.

પ્રાપ્ત ભિલાડ પોલીસે જણાવ્યુ મુજબ ભિલાડ હાઈવે ઉપર આરટીઓ ચેક પોસ્ટ નજીક તહોમતદાર એક પીકઅપ ટેમ્પો નં. એમએચ ૦૪, ઈબી ૫૨૭૮ના ચાલકે પોતાનું વાહન ગલફતભરી રીતે હંકારી લાવી પ્રથમ એક રીક્ષા નં. જીજે ૧૫ વાય ૨૯૦૫ને ટક્કર મારી રોડ ઉપર વાહન ચેકીંગ કરી રહેલા વલસાડ હેડ કોવર્ટરના હેડ કોસ્ટેબલ શુક્કરભાઈ ઈન્ડિયા તથા ચેકપોસ્ટ ઉપર કામ કરતા એક સીક્યુરીટીને પણ અડફેટે લઈ ઈજા પહોંચાડી હતી.

તથા રીક્ષામાં સવાર બાળકોને પણ આ અકસ્માતમાં ઈજા પહોંચી હતી. અકસ્માત નોતરી તહોમતદાર પીકઅપ વાનનો ચાલક નાસી છુટ્યો હતો. આ અંગે ભિલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કિરીટસિંઘ દિલીપસિંઘ ઝાલા પોલીસ કોસ્ટેબલ વલસાડે આપતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડાભેલના શીતલ બારમાં મારામારીમાં હોન્ડા સળગાવી દીધુ

વાપી, તા.૬ : સંઘપ્રદેશ દમણના ડાભેલ ખાતે આવેલા શીતલ બારમાં ગઈ કાલે રાત્રિ દરમ્યાન ૧૫થી ૧૭ જેટલા ઈસમો ઘસી જઈ કાઉન્ટર પર બેસેલા ઈસમને મારમારી ગલ્લામાંથી ૩૧ હજાર રોકડા, ગળામાની સોનાની ચેઈન લુટી લઈ બારના આંગણામાં ઉભુ રાખેલુ હિરોહોન્ડા મોટરસાયકલને સળગાવી નાસી ગયા હતા.

બનાવની વિગત મુજબ ડાભેલના કુંભાર ફળિયા ખાતે રહેતા વિનયભાઈ સુભાષભાઈ પટેલ જેઓ તેમના જ ગામના આટીયાવાડ ખાતે શીતલ બાર નામનો એક બાર એન્ડ રેસ્ટોરન્ટ ચલાવે છે. તેઓ ગઈ કાલે રાત્રિના ૯:૧૫ કલાકે તેમના બારના કાઉન્ટર પર હાજર હતા તે દરમ્યાન તેમના જ ગામના જયેશભાઈ અમ્રતભાઈ પટેલ, પીન્ટુ અને ૧૦થી ૧૫ જેટલા ઈસમો એકાએક બારમાં ઘસી આવી કાઉન્ટર પર બેસેલા વિનય પટેલને મારમારી તેમની ગળામાની ૧૫ હજાર રૂપિયાની સોનાની ચેઈન, આખા દિવસનો બારમાં વેચાણ થયેલા રૂપિયા ૩૧ હજાર મળી કુલ્લે ૪૬ હજારની લુટ ચલાવી ભાગી ગયા હતા. તેઓ ભાગતા ભાગતા તેમના બારની આગળ પાર્ક કરેલુ હિરોહોન્ડા મો.સા.ને સળગાવી ગયા હતા. આ મારામારી અને લુટની ગઈ કાલે સાંજે વિનય સુભાષ પટેલ રહે. ડાભેલ કુંભાર ફળિયાએ દમણ પોલીસમાં કરતા તેઓની આ ફરિયાદ અંગે દમણ પોલીસ તપાસ કરી રહી છે. આ અંગે ગામના જ માણસો તેમને લુટી જાય એ વાત શક્ય નથી પરંતુ આ બંન્ને વચ્ચે કોઈ આગળની દુશ્મની કે અદાવત હશે એવુ હાલમાં પોલીસ અનુમાન લગાવી રહી છે. હજુ સુધી ફરિયાદીએ જણાવેલ નામો પૈકી કોઈની પણ ધરપકડ કરવામાં આવી નથી.

દાનહમાં પંચાયતની આગામી ચૂંટણીના સરપંચના સંભવિત ઉમેદવારનું મારામારીમાં મરણ થતા ભાજપના આગેવાનો વિરૂધ્ધ ફરિયાદ

સેલવાસ, તા.૬ : સંઘપ્રદેશ દાનહના વેલુ ગામે રાજકીય અદાવતમાં ગત તા.૨૩મીના રોજ થયેલા હુમલામાં મરણ પામેલા કાકડ દેવજી કડુના પત્ની સોમલીબેને આજે દાનહના પોલીસ વડાને એક લેખીત અરજીમાં જણાવ્યુ છે કે, મારા પતિ કાકળભાઈ દેવજીભાઈ કંડુને ગત તા.૨૩મીના રોજ ભાજપના કેટલાક કાર્યકર્તાઓએ અમારા ઘરે આવી મારા પતિને પુછેલ કે, તમો હાલમાં સરપંચની ચૂંટણીમાં ઉભા રહેવાની વાતો કરો છો તેમાં તમારે નહીં ઉભા રહેવાની ધમકી આપી હતી અને તેમને મારમારી ગંભીર રીતે ઘાયલ કર્યા હતા તેઓ પર હુમલો કરનારા આરોપીઓ હાલ્યા કાકડુ કડુ દામુ જત્યા ચાકર, વાજ્યા કાકડ કડુ, બચુ લક્ષી કડુ, સોમા સીતરા કડુ, કાવજી લાકડ નડગે, વસંન નૌસા ભંડાર રમઝા જાન્યા કુરકુટે, દિલીપ સોમજી જાકર તથા ચંદુ જત્રે નામના ઈસમોએ મારા પતિ ઉપર ઘાતકો હુમલો કરી મારા પતિને ઘાયલ કર્યા હતા જેનું ગઈ કાલે સારવાર દરમ્યાન વિનોદાભાવે હોસ્પિટલમાં મરણ થયુ હતું. આ અંગે આજે આપેલ આવેદનપત્રમાં જણાવ્યુ છે કે, મારા પતિની હત્યા રાજકીય ગુનાહીત ષડયંત્ર અને યોજના પૂર્વક કરવામાં આવી છે અને જેમાં ભાજપના સાંસદના સાગરીતો પણ સામેલ છે. તેમજ તેમણે કેટલાક પોલીસ અધિકારી ઉપર પણ આંગળી ચીંધી છે. તેમણે જણાવ્યુ કે મારા પતિના હત્યાનો કેસ કોઈ સ્વતંત્ર તપાસ એજન્સી પાસે થાય તેવી માંગણી કરી છે.

વાપીના ડોકટરને ધમકી આપી ખંડણી ઉઘરાવનાર બે પત્રકારો જેલભેગા

વાપી, તા.૬ : વાપીના ચણોદ ખાતેના એક ડોકટરને ધમકી આપી ૧ લાખ રૂપિયાની ખંડણી માંગનારા જનકલ્યાણ આક્રોસ નામના વિક્લી પેપરના બે પત્રકારોને આજે વાપી ટાઉન પોલીસે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

બોગસ ડીગ્રી હોવાનું જણાવી અઠવાડિકના પત્રકારોએ એક લાખ રૂપિયાની માંગણી કરતા ડોકટરે પોલીસ ફરિયાદ કરી

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત તા.૪/૯/૨૦૧૦ના રોજ વાપી નજીકના ચણોદ કોલોની ખાતે ક્રિષ્ના ક્લેનીક ચલાવતા ડો.ચીરાગ બંશીલાલ પાટીલને ત્યાં એક સેન્ટ્રો કાર નંબર જીજે ૧૫ પીપી ૨૭૨૮માં ત્રણ વ્યક્તિઓ આવ્યા હતા અને તેમણે ડોક્ટર ચીરાગને જણાવેલ કે તમો અહીં વગર પરમીશને ક્લેનીક ચલાવો છો અને તમારી પાસે કોઈ ડીગ્રી નથી. જો તમારે ક્લેનીક ચલાવવી હોય તો અમો પત્રકાર છે માટે ૧ લાખ રૂપિયા આપવા પડશે. એવી માંગણીઓ કરી હતી. તે સમયે તેઓ ગભરાઈ ગયા હતા અને તરત જ તેમની સાથે રીકઝીક કરી ૨૫ હજાર રૂપિયા તાત્કાલિક આપી દીધા હતા અને ત્યાર બાદ ૭૫ હજાર પાછળથી આપવાની વાત કરી હતી. ત્યાર બાદ તેમના પર આ સેન્ટ્રો કારમાં આવેલા લે ભાગુ કહેવાતા પત્રકારોએ ૭૫ હજારની વારંવાર ઉઘરાણી કરી રહ્યા હતા. આથી ગભરાઈ ગયેલા ડો. ચીરાગ પાટીલે વાપી ટાઉન પોલીસ મથકમાં જઈ તેમની પાસે બે પત્રકારોએ ધમકી આપી ૧ લાખ રૂપિયાની માંગણી કરી રહ્યાની અને વારંવાર હેરાન પરેશાન કરતા હોવાની ફરિયાદ કરતા આજે વાપી ટાઉન પોલીસ

તસ્વીર : મનોજ ભંડારી

મથકના પી.આઈ. બી.એન. ચાવડા, અને પીએસઆઈ ભુવાએ ઘટના સ્થળે પહોચી તપાસ કરી તેઓને બતાવેલ વીઝીટીંગ કાર્ડ અને સેન્ટ્રો કારના નંબરના આધારે વાપી કબ્રસ્તાન રોડ પર આવેલા ખોજા સોસાયટીમાં રહેતા ફીરોઝ મહોમદઅલી ખોજા ઉ.વ.૨૫ તેમજ અનીલ ઢીમ્મર ઉ.વ.૧૯ નામના બંન્ને ઈસમોની આજે ધરપકડ કરી હતી. તેમની પુછપરછ ચાલી રહી છે.

બીકેએમ સાયન્સ કોલેજમાં યોજાયેલ રક્તદાન શિબિર

વલસાડ, તા.૬ : નીતન કેળવણી મંડળ સંચાલિત બી.કે.એમ. સાયન્સ કોલેજ આયોજીત રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા યોજાયેલ રક્તદાન શિબિરમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લઈ ૧૦૫ બોટલ રક્ત એકઠુ કરી રક્તદાન કેન્દ્રને દાન કર્યુ હતું. આ રક્તદાનને વિવિધ વિભાગના અધ્યક્ષો તથા આચાર્ય વિકાસભાઈ દેસાઈએ ખૂબ જ પ્રશંસા કરી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. આ રક્તદાન શિબિરને સફળ બનાવવા માટે રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસરો (૧) પ્રો.દિલીપકમાર ડી.પટેલ, (૨) ડો.ઈશ્વરભાઈ એન. પટેલ, (૩) ડો.સુરેશભાઈ એમ. પટેલ તથા (૪) સંધ્યાબેન વાણીએ ભગીરથ કાર્ય કરી આ કેમ્પને સફળ બનાવ્યો હતો.